# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-07-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## P.M મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે દેશના બહાદુરો સૈનિકોને યાદ કર્યા, અને કહ્યું કે ભારત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, પછી ભલે તે સંરક્ષણ ઉત્પાદન હોય, સંરક્ષણ નિકાસ હોય કે મિત્ર રાષ્ટ્રો સાથે રાજકીય સહયોગ હોય. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા શ્રી મોદીએ આજે કહ્યું કે, કારગિલ વિજય દિવસ દરેકને ગર્વથી ભરી દે છે અને લોકોને દેશના બહાદુર સૈનિકોના અસાધારણ સાહસની યાદ અપાવે છે.**

**(બાઇટ : KARGIL DIWAS)**

**'કેચ ધ રેઈન' અભિયાન વિશે બોલતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે 4 જુલાઈથી એક ખાસ રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે.**

**પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે દેશભરના લોકો 'એક પેડ મા કે નામ' અભિયાન દ્વારા પ્રકૃતિ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. તેમણે અમદાવાદના ભાડજ વિસ્તારનું ઉદાહરણ આપ્યું, જ્યાં એક જ કલાકમાં સાડા ત્રણ લાખથી વધુ છોડ રોપવામાં આવ્યા. 25 હજારથી વધુ લોકો આ પ્રયાસમાં જોડાયા. આ સિદ્ધિ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ છે.**

**શ્રી મોદીએ એ વાત પર પણ ખુશી વ્યક્ત કરી કે ભારતીય ગ્રે હોર્નબિલ એટલે કે ચિલોતરો પક્ષી લગભગ 60 વર્ષ પછી ફરી એકવાર ગીરના જંગલોમાં પોતાનું નિવાસસ્થાન**

બનાવી રહ્યું છે. તેમણે આ માટે ગીરમાં વર્ષોના સંરક્ષણ અને પુનઃસ્થાપનના પ્રયાસોને શ્રેય આપ્યો.

આજે મન કી બાતમાં પ્રધાનમંત્રીએ આગામી ૭ ઓગસ્ટે ઉજવાનાર રાષ્ટ્રીય હસ્તકળા દિવસની વાત કરતા કચ્છનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું કે, પોચમપલ્લીથી પટના અને કુથમપલ્લીથી કચ્છ સુધી ૭ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવનારા રાષ્ટ્રીય હસ્તકળા દિવસના સંદર્ભમાં આપણી હેન્ડલૂમની ગૌરવશાળી પરંપરાને નવી ઉર્જા અને ઓળખ આપતા અનેક ઉદાહરણો જોવા મળે છે.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

---------------------------------------------------------------------------------------

## ડીપીએ કંડલા પોર્ટ:

ડીપીએ કંડલા પોર્ટ દ્વારા કાર્ગો હેન્ડલિંગ ક્ષેત્રે મેળવેલી ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ પોર્ટના કર્મચારીઓ, ઓફિસરો તેમજ કોન્ટ્રાક્ટ બેઝ પર કાર્યરત કર્મચારીઓને ગિફ્ટ વાઉચર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્ષ 2025 માટે ₹15,000 અને વર્ષ 2026 માટે ₹16,500 એમ કુલ ₹31,500ના SBI બેંક ગિફ્ટ વાઉચર આપવામાં આવશે. આ વાઉચરની વેલિડિટી 1 વર્ષની રહેશે અને ઓછામાં ઓછી 6 મહિનાની ફરજ બજાવનાર કર્મચારીઓ જ આ માટે પાત્ર ગણાશે.

આ નિર્ણયથી કંડલા પોર્ટના 1436 વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓ તથા 200થી વધુ અધિકારીઓ સહિત 1600થી વધુ લોકોને લાભ મળશે.

---------------------------------------------------------------------------------------

## વરસાદ:

ચારેક દિવસ સુધી વરસાદનું જોર રહ્યા બાદ આજે રાજ્યમાં વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. આજે 63 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.કચ્છમાં પણ આજે દિવસભર વાદળછાયા વાતાવરણ વચ્ચે ખાસ ક્યાંય વરસાદના અહેવાલ નથી. આજે સવારે 6 વાગ્યા થી સાંજે 6 વાગ્યા સુધી માત્ર રાપર તાલુકામાં 2 મિલિમીટર વરસાદ નોંધાયો છે.

------------------------------------------------------------------------------------------------

## વરસાદી પાણીનો નિકાલ:

જિલ્લામાં ભારે વરસાદ બાદ ભુજ શહેરના ન્યૂ સ્ટેશન રોડ વિસ્તારમાં પાણી ભરાતા નગરપાલિકાની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી શરૂ કરી હતી. જેનાથી વાહનવ્યવહાર પૂર્વવત થતા લોકોને રાહત મળી હતી.

સ્થાનિક નાગરિકોએ તંત્રની ઝડપી કામગીરીને આવકારી હતી. નગરપાલિકાની સતર્કતાને કારણે સંભવિત મુશ્કેલીઓને મોટા પ્રમાણમાં ટાળી શકાઈ હતી.

વરસાદી દિવસોમાં પાણી ભરાવાની સમસ્યાને અસરકારક રીતે નિયંત્રિત કરવા નાગરિકોને પણ જાહેર નાળાઓમાં કચરો ન નાખવા અને સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

------------------------------------------------------------------------------------------------

## યુનિવર્સિટી-એક્સટેન્શન સેન્ટર-ધોરડો:

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહન પટેલના હસ્તે  ધોરડોમાં નવા એક્સટેન્શન સેન્ટરનું લોકાર્પણ કરાયું હતું, છે. આ પર્સંગે કુલપતિએ જણાવ્યું હતું કે  જીલ્લાના છેવાડાના વિસ્તારોમાં આ વર્ષે 5 નવા એક્સટેન્શન સેન્ટરો શરૂ કરાયા છે, ત્યારે દીકરીઓને આ તકનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી. સાથે જ યુનિવર્સિટીમાં ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવાની તૈયારી અંગે પણ માહિતી આપી હતી.

ધોરડો અને આસપાસના ગામોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી ગોરેવાલી માધ્યમિક શાળામાં આ સેન્ટર કાર્યરત કરાયું છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## રાજ્ય સંસ્કૃત બોર્ડ અધ્યક્ષની કચ્છ મુલાકાત -:

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલની કચ્છ મુલાકાત દરમિયાન જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધનને કેન્દ્રમાં રાખી શાળાઓ, ગુરુકુળ, કચ્છ યુનિવર્સિટી અને વિવિધ સંસ્થાઓમાં કાર્યક્રમોની શ્રેણી યોજાઈ હતી. મુલાકાત દરમિયાન ચાલુ વર્ષે જીલ્લામાં 19 શાળાઓમાં નવા થયેલ  સંસ્કૃત કક્ષોનું લોકાર્પણ, સંવાદ-સંગોષ્ઠિઓ, શિક્ષકો સાથે બેઠક તેમજ સંસ્કૃત અભ્યાસ કેન્દ્રોની મુલાકાત સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

આ દરમ્યાન શ્રી પાલીવાલે વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવી તેને શાળાથી સમાજ સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

---